
ગાંધીનગર સમાચાર

# ભાટકોટાના પંચવડેશ્વર મંદિરે રામચરીત માનસ પારાયણ શરૂ

## લોકકલ્યાણ અર્થે ૧૦૮ દિવસ પારાયણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

મોડાસા તાલુકાના ભાટકોટા, રામેશ્વરકંપા અને નાનીઈસરોલ ગામના ત્રિભેટે આવેલા પવિત્ર પંચવડેશ્વર મંદિરે લોકકલ્યાણ હેતુઅર્થે ૧૦૮ દિવસ અખંડ રામચરીત માનસ પારાયણ શરૂ કરવામાં આવતાં શ્રદ્ધાળુઓ દર્શન અને શ્રવણનો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. સિદ્ધભૂમિમાં મંદિરના મહંત શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સુદર્શન ત્યાગીજી મહારાજના સાનિધ્યમાં રામચરીત માનસ પાઠ પારાયણ શરૂ કરાતાં ભક્તિમય માહોલ ઉભો થયો છે.



૫૦ થી વધુ ગામોના આસ્થાળુઓ માટે ભાટકોટાનું પંચવડેશ્વર મંદિર શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે. મંદિરના મહંત દ્વારા અનેક લોકકલ્યાણના કાર્યો થતાં મંદિરની સુવાસ રાજસ્થાન, મધ્યપ્રદેશ, અમદાવાદ સહિતના વિસ્તારોમાં પ્રસરી છે જેના કારણે મંદિરના દર્શનાર્થે ભક્તોની સતત હાજરી જણાતી હોય છે તેમાંય તાજેતરમાં મંદિરના મહંત દ્વારા પવિત્ર શ્રાવણ માસને ધ્યાનમાં રાખી ૧૦૮ દિવસ રામચરીત માનસ પારાયણ ગોઠવવામાં આવ્યું છે. જેનો લાભ ભાટકોટા, રામેશ્વરકંપા, નાનીઈસરોલ, સરડોઈ, બોલુન્દ્રા, જાલીયા સહિતના વિસ્તારોની પ્રજા આસ્થાપૂર્વક લઈ રહી છે.

### શ્રાવણમાં તીનપત્તીની મોસમ ખીલી

# માલપુરમાં રૂ.૨૫,૦૦૦ની રોકડ સાથે ૫ જુગારીયા ઝડપાયા, મંદિરે બાજી માંડીને પોલીસ પ્રગટ થઈ

## રૂ.૫૭,૧૭૦નો મુદ્દામાલ જપ્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

અરવલ્લી જિલ્લામાં શ્રાવણ માસના આરંભ સાથે તીનપત્તીના જુગારની મોસમ ખીલી છે. જુગારીયાઓને દબોચી લેવા માટે પોલીસે કમર કસી પરંતુ પોલીસના છાપામાં જુગારની રમતમાં કહેવાતી નાની માછલીઓ પકડાય છે પરંતુ મોટા ગેમ્બલરો પોલીસથી બચવામાં સફળ રહ્યા છે ત્યાં ગત રોજ માલપુર પોલીસે અંબાવાડા રોડ ઉપર જાયણ માતાના મંદિરે બાતમીના આધારે છાપો મારી ૫ જુગારીયાઓને રૂ.૨૫,૧૫૦ની રોકડ રકમ સાથે ઝડપી લૉકઅપમાં ધકેલ્યા છે. જુગાર સ્થળેથી પોલીસે ૨ મોબાઈલ ફોન, બાઈક સહિત કુલ રૂ.૫૭,૧૭૦ નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો છે. જુગારીયાઓએ મંદિરે જુગારની બાજી માંડી અને ઓચિંતિ પોલીસ પ્રગટ થતાં નાસભાગ મચી હતી.



**ઝડપાયેલા જુગારી...**

અલ્તાફઅલી હૈદરઅલી સૈયદ(રહે.લીમડા ચોક, માલપુર)
આસીફ સલીમભાઈ ઘોંચી(રહે.લીમડા ચોક, માલપુર)
સોયબ ઉસ્માનગની મોડાસીયા(રહે.ભાગોળ ચોક, મોડાસા)
રીયાઝ ઈબ્રાહીમભાઈ નોરી (રહે.સહારા સોસાયટી, ડુગરવાડા રોડ, મોડાસા)
મનુભાઈ વિજયભાઈ પંડ્યા(રહે.પંડ્યાવાસ, માલપુર)

શ્રાવણ અને જુગારને સ્નાન સૂતકનો સબંધ ન હોવા છતાં પવિત્ર મહિનામાં જુગારીયાઓ હાર-જીતના જુગારમાં મશગુલ થઈ જતા હોય છે. જુગાર સ્થળો ઉપર પોલીસની ઘોંસ વધતાં અઠંગ જુગારીયાઓએ સલામત ગણાતા સ્થળોએ મકાનો તેમજ ચોક્કસ ફાર્મ હાઉસોમાં જુગારની બાજી માંડીને બેઠા છે. અરવલ્લીમાં કાયમી ચાલતા જુગારધામો પછી હવે શ્રાવણિયા જુગારની ઠેર ઠેર મોસમ ખીલી છે. માલપુર પોલીસને જુગારની બાતમી મળતાં તા.૧૧ના રોજ પોલીસ ટીમે જાયણ માતાના મંદિરે ઓચિંતો છાપો મારતાં જુગારીયાઓમાં નાસભાગ મચી હતી. પોલીસે જુગાર સ્થળેથી માલપુર, મોડાસા સહિતના ૫ જુગારીયાઓને ઝડપી પાડતાં અન્ય જુગારીયાઓમાં સન્નાટો મચ્યો છે.

## જન્મદિને વધામણી



**પ્રવિણસિંહ બી. રાણા**
**(રણાસણ હાઈસ્કુલ)**
**હિંમતનગર(પાંસરોડા)**



**ઘરમાં રહો, સુરક્ષિત રહો**

**રક્તદાન મહાદાન**

# ચોઈલાના સીમાડામાં છાપરામાં ચલાવાતા જુગારધામમાં પોલીસ ત્રાટકી

## શ્રાવણિયો જુગાર રમતાં ૬ જુગારી ઝડપાયા, રૂ.૬૧,૩૦૦નો મુદ્દામાલ જપ્ત...

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડ તાલુકાના ચોઈલાના સીમાડામાં છાપરૂ બાંધી ચલાવાતા જુગારધામની બાતમીના આધારે પોલીસે ત્રાટકી સ્થાનિક ૬ જુગારીયાઓને રૂ.૨૫,૮૨૦ની રોકડ રકમ સાથે દબોચી લેતાં અન્ય જુગારીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. શ્રાવણના આરંભ સાથે જ જુગારધામ ધમધમતું થયા પછી પોલીસે છાપો મારી જુગારની રકમ, મોબાઈલ ફોન તેમજ બાઈક સહિત રૂ.૬૧,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. માલીકીની જગ્યામાં શ્રાવણિયા જુગાર માટે છાપરાંમાં જુગારધામ શરૂ કરવામાં કોનો દોરી સંચાર હતો..?? તેની ઉંડી તપાસ થાય તો જુગારધામની અન્ય ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે.

**ઝડપાયેલા જુગારીયા...**

**વિજયભાઈ ધીરજભાઈ પટેલ**
**દિપક ઉર્ફે દિલીપ ગોવિંદભાઈ પટેલ**
**વિષ્ણુ રેવાભાઈ પટેલ**
**ઘનશ્યામ કાળીદાસભાઈ પટેલ**
**ભૂપેન્દ્ર હરીભાઈ પટેલ**
**હરીકુમાર ઉર્ફે નીતિન કનુભાઈ પટેલ**
**(તમામ રહે.ચોઈલા, તા.બાયડ)**

શ્રાવણ માસમાં જુગારની રમત શરૂઆતથી પરાકાષ્ટાએ પહોંચી છે. પોલીસ કાયમી ચાલતા જુગારધામો બંધ કરાવી શકી નથી પરંતુ શ્રાવણના તહેવારો દરમ્યાન કામચલાઉ ધોરણે ધમધમતા કેટલાક જુગારધામો પ્રત્યે પોલીસે કુણી નજર રાખ્યાના આક્ષેપ વચ્ચે શ્રાવણિયા જુગારમાં પોલીસ ભંગ પાડી રહી છે તેવો વસવસો અઠંગ જુગારીયાઓ વ્યક્ત કરી રહ્યા છે. ગત રાત્રે ચોઈલાના સીમાડામાં તૈયાર કરવામાં આવેલા એક છાપરામાં જુગારધામ ધમધમતું કરવામાં આવી હોવાની બાતમી પોલીસને મળી હતી જેથી જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક બી. બી. બસીયાના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમોએ બાતમી આધારીત જગ્યાએ ઓચિંતો છાપો મારતાં જુગારીયાઓમાં નાસભાગ મચી હતી. પોલીસે સ્થળ ઉપરથી જુગારની રોકડ રકમ સાથે ૬ જુગારીયાને ઝડપી લૉકઅપમાં ધકેલ્યા છે. શ્રાવણ માસના આરંભ સાથે કામચલાઉ છાપરાને જુગારધામમાં તબદીલ કરવામાં આવ્યું હતું અને સ્થાનિક ઉપરાંત અન્ય સ્થળેથી જુગારીયા જુગારની રકમ રમવા માટે આવતા થયા હતા પરંતુ પોલીસે જુગારની રમતમાં ત્રાટકી કાયદેસરની કાર્યવાહી શરૂ કરતાં પોલીસની પકડથી બચી ગયેલા જુગારીયાઓને શ્રાવણમાં જુગારની લત પૂરી કરવા માટે અન્ય સ્થળ ગોતવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

# મોડાસામાં ભાજપ કાર્યાલયે યુવા મોરચાની બેઠક યોજાઈ

## આગામી કાર્યક્રમના આયોજનની તૈયારીઓ




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

કેન્દ્ર સરકારના કેન્દ્રીય મંત્રી દેવુંસિંહ ચૌહાણની આગામી જનઆશીર્વાદ યાત્રા માટે આવતા હોવાથી ભાજપ સંગઠનમાં એક પછી એક બેઠકોનો દોર શરૂ થયો છે. ત્યારે ગુરૂવારે મોડાસામાં ભાજપ કાર્યાલય ખાતે યુવા મોરચાના હોદ્દેદારો તેમજ કાર્યકરોની બેઠકનું આગામી કાર્યક્રમ અંતર્ગત આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીની યાત્રા ઉપરાંત અન્ય સંગઠનલક્ષી કાર્યક્રમોની તૈયારીના ભાગરૂપે યોજાયેલી બેઠકમાં જિલ્લા યુવા મોરચાના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું.

અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા સંગઠનની ગત રોજ આગામી કાર્યક્રમના ભાગરૂપે મોડાસા ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી મીટીંગમાં પ્રદેશ યુવા મોરચા મંત્રી પૌરવભાઈ પટેલ, જિલ્લા ભાજપ યુવા મોરચા સંગઠન પ્રમુખ અમિષભાઈ પટેલ, મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, મહામંત્રી અવધેષભાઈ પટેલ, મંત્રી તપન એ. પટેલ, સચિનભાઈ બરંડા ઉપરાંત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગ દરમ્યાન આગામી કાર્યક્રમોની સાથે ખાસ કરીને કેન્દ્રીય મંત્રીની આગામી જનઆશીર્વાદ યાત્રા અંતર્ગત સંગઠનના હોદ્દેદારો તેમજ કાર્યકરોમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# ગાંભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ




ગાંભોઈ, તા.૧૨

ગુજરાત રાજ્ય સરકાર તરફથી કોવિડ-૧૯ની મહામારી સામે ઝડપથી તબીબી સારવાર મળે તે હેતુ લેવાયેલ પગલાના અનુસંધાને હિંમતનગરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ તેમની ગ્રાન્ટમાંથી ૪૦ લાખની માતબર રકમ ગાંભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓક્સિજન પ્લાન્ટ માટે ફાળવતા હિંમતનગર ખાતે યોજાયેલ એક પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ડિજિટલ માધ્યમથી લોકાર્પણ કરવામાં આવ્યો હતું. આ પ્રસંગે ગાંભોઈ તાલુકા પંચાયત સીટના સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, ગાંભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડૉ.નિરવ સોની, ગાંભોઈ યુજીવીસીએલ કચેરીના કાર્યપાલ ઈજનેરશ્રી ડી.એલ.વહાણીયા, ગાંભોઈ હાઈસ્કુલ શિક્ષક હેમેન્દ્રસિંહ રાઠોડ તથા ગાંભોઈ વેપારી મંડળ પ્રમુખશ્રી ભગવાનદાસ ચોધરી તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વેચવામાં આવેલ ભંગાર વિવાદ ચર્ચાઓમાં

**સવા મહિના પહેલા વેચાણ થયેલ ભંગારની રકમ હજુ સુધી પાલિકા ચોપડે જમા થઈ નથી: સરકારી અધિકારીઓની ગેરહાજરી માજ ભંગાર વેચાતા વિવાદ : આરોગ્ય અધિકારી એ હજુ સુધી સહિ નથી કરી: ભંગાર બાબતે પુછતા ચીફ ઓફિસરની ચુપકી**



પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા દ્વારા નગરપાલિકામા ભેગુ થયેલ ભંગાર કોઈ પણ અધિકારીની હાજરી વગર અને રવિવારના દિવસે કોઈ પણ ટેન્ડર પ્રકિયા વગર વેચાણ કરવામા આવતા ભંગાર વિવાદ ચર્ચામા છે તો વેચાણ થયેલ ભંગારની રકમ હજુ સુધી સવા મહિનો થઈ ગયો છતાંય પાલિકાના ચોપડે ના લેવામા ના આવતા વિવિધ ચર્ચાઓએ જોર પકડયુ છે.

પ્રાંતિજ નગર પાલિકા દ્વારા તા.૪/૭/૨૦૨૧ને રવિવાર ના રોજ પાલિકા મા ભેગુ થયેલ ભંગારનુ વેચાણ કરવામા આવ્યુ હતુ તો તે વખતે નગરપાલિકા ના ચીફ ઓફિસર ઉર્મિલાબેન સુમેસરા દ્વારા જણાવામા આવ્યુ હતુ કે અમે લોકલ ટેન્ડર પ્રકિયા કરી ને ભંગાર નુ વેચાણ કર્યુ છે પરતુ રવિવાર ના દિવસે ભંગાર વેચાણ થયુ હતુ ત્યારે

**નગરપાલિકાના એસઆઇ સંજયભાઇ ચૌધરીનું કહેવુ છે :**
**રવિવારના દિવસે ભંગાર વેચાણ થયુ હોય અને રવિવારની રજા હોય હુ આવ્યો ન હતો અને આ બાબતે કશુ જાણતો નથી .**

પાલિકા મા ફરજબજાવતા કોઈપણ સરકારી કર્મચારી હાજર નો હતુ ત્યારે આ બાબતે પુરતી પ્રક્રિયા વગર ભંગારનુ વેચાણ થતા હાલતો ભંગાર વિવાદ પ્રાંતિજ નગર માં ટોપએન્ડ ટાઉન બન્યો છે તો ભંગારનુ વેચાણ કરવામા આવેલ રકમ પણ હજુ સવા મહિનો થયો છતાંય આજદિન સુધી પ્રાંતિજ નગર પાલિકાના ચોપડે જમા ના થતા અનેક સવાલો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે ત્યારે નગરપાલિકા ના ચીફ ઓફિસર ઉર્મિલાબેન સુમેસરા ને આ અંગે પુછતા તેવોએ આ બાબતે કાઈ પણ માહિતી આપવાની ના પાડી હતી અને ચુપકી સાધી હતી ત્યારે હવે જોવુએ રહ્યુ કે સવા મહિનો થયો છતાંય પ્રાંતિજ નગર પાલિકા ખાતે વેચાણ કરવામા આવેલ ભંગારની રકમની એન્ટ્રી કેમ પડી નથી અને આ રકમ કઈ ગઈ અને હજુએ સવા મહિનો થયો છતાંય કેમ પ્રાંતિજ નગર પાલિકા દ્વારા પાલિકાના ચોપડે કેમ રકમ જમા લેવામા આવી નથી તેવી ચર્ચાઓએ હાલતો જોર પકડયુ છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે ભંગાર નુ વેચાણ થયેલ રકમ પ્રાંતિજ પાલિકામા કયારે જમાં થશે એ તો હવે જોવુ રહ્યુ.

# મહાદેવપુરા કેવનનો પ્રથમ યુવાન આર્મીમાં જોડાતા બહુમાન કરાયું



ગાંભોઈ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના મહાદેવપુરા કેવન ગામના પહેલા યુવાન અજયસિંહ બાબુસિંહ રાઠોડ આર્મીની ભરતીમાં સિલેક્ટ થઈ ટ્રેનિંગ પૂરી કરી વતનમાં આવતા ગ્રામજનો દ્વારા તેમનું બહુમાન કરવાનું આયોજન કરાયું હતું. જેમાં ભાજપના બક્ષીપંચ મોરચાના તાલુકા અધ્યક્ષ વનરાજસિંહ રાઠોડ, મહામંત્રી જયેશભાઈ બારોટ, સરપંચ કાળુસિંહ રાઠોડ, તાલુકા સદસ્ય દક્ષાબેન પટેલ, નરેન્દ્રસિંહ પરમાર તેમજ ગામના યુવા અગ્રણી અર્જુનસિંહ રાઠોડ સહિત ગામ આગેવાનોએ બહુમાન કરી શુભેચ્છા પાઠવી હતી.

# ધડકણ ગામે કિસાન સન્માન દિવસ ઊજવાયો



રાયગઢ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના ધડકણ ગામમાં કિસાન સન્માન દિવસ નિમિત્તે 'કિસાન સૂર્યોદય યોજના'નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અધ્યક્ષસ્થાને સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ ધીરૂભાઈ પટેલ, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, મહેસાણા યુજીવીસીએલના અધ્યક્ષ ઈજનેર જી.જે.ધનુલા, પ્રાંતિજ ટીડીઓ નીતીનભાઈ પટેલ, પશુપાલન નિયામક પી.એસ.બારા સહિત ઉપસ્થિત રહ્યા હતા. આ કિસાન સૂર્યોદય યોજનામાં દલાની મુવાડી સબસ્ટેશનના આઠ ગામોના કુલ ૭૩૧ ખેડૂતોને દિવસે વીજળીનો લાભ મળશે. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન યુજીવીસીએલના અધિક્ષક ઈજનેર જી.જે.ધનુલાની નિગરાની હેઠળ નાયબ ઈજનેર આર.વી.ઓડ, એસ.વી.સોનીની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જુના ડીસાથી વીડી તરફ જતો નદીવાળો રસ્તો ગંદકીમાં ગરકાવ

## ગંભીર રોગચાળો ફાટી નીકળવાની સંભાવના: કચરાના ઢગથી રહીશો-રાહદારીઓ ત્રાહિમામ

ડીસા, તા. ૧૨

ડીસા તાલુકાના જુનાડીસા ગામથી વિડી તરફ જતા રસ્તા ઉપર કચરાના ઢગલાનું સામ્રાજય છવાયું છે.જેથી પારાવાર દુર્ગંધ અને ગંદકીથી શાળાએ જતા બાળકો, રહીશો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેના પગલે એકઠા થયેલા રહીશોએ ડેન્ગ્યુ જેવા મચ્છરો ઉત્પન્ન થાય તો રોગચાળો ફાટી નીકળે તો તેના માટે જવાબદાર કોણ? તેવો વેધક કટાક્ષ કરી જુનાડીસા ગ્રામ પંચાયત મસ મોટા સફાઈ વેરા વસૂલ કરી રહી છે પરંતુ જ્યારે રોડ-રસ્તાઓનું કામ કરવામાં આવે ત્યારે વીડી વિસ્તારને વંચિત રાખવામાં આવે છે તેવો ગંભીર આક્ષેપ કર્યો હતો. રહીશોના કહેવા મુજબ આઝાદી પછી વીડી વિસ્તારમાં કોઈ કામ થયું જ નથી. તો શું સરપંચ અને તલાટી કમ મંત્રી સરકારના સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડી રહ્યા છે તેના ઉપર ધ્યાન આપશે ખરા ? ગ્રામ પંચાયતમાં મસમોટી ગ્રાન્ટો આવે છે અને સફાઈ માટે સરકારે ટ્રેકટર પણ ફાળવેલ છે. તેમ છતાં સફાઈ ન થતા રહીશોમાં રોષ છવાયેલ છે. આ બાબતે નવનિયુક્ત ડીડીઓ આ વિસ્તારની જાત મુલાકાત લઈ ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

